# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના અંતર્ગત  નિર્માણ કરાયેલ આવાસો, આંગણવાડી તેમજ દુકાનોનું માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા માન. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પંડિત દિનદયાલ નગર યોજનાની ટી.પી.સ્કીમનં.૧૯ (રાયસણ) ના ફાઈનલ પ્લોટનં. ૩૫૨ અને ૩૬૮ માં કુલ : ૬૪૦ મકાનો રૂા. ૩૮૪૦-૦૦ લાખના ખર્ચ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં  ફાઈનલ પ્લોટનં. ૩૫૨ માં ૩૫૨ આવાસો તેમજ ફાઈનલ પ્લોટનં. ૩૬૮ માં ૨૮૮ આવાસો થઈ કુલ : ૬૪૦ મકાનો લાભાર્થીઓને આવાસ સોંપવામાં આવેલ. તથા એલ.આઈ.જી.  આવાસ ખાતે નિર્મિત આંગણવાડી કેન્દ્રો અને ૧૪ દુકાનોનું  માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી ના હસ્તે  લોકાર્પણ કર્યુ હતું. આ સમયે ગુડા દ્વારા લાભાર્થીઓ માટે માર્ગદર્શન મળી રહે તે માટે લોન મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં જ હોળી-ધુળેટીનો પર્વ આવી રહયો છે. ત્યારે ગુડા દ્વારા ૧૦૧ જેટલી આંગણવાડીઓના બાળકો માટે હોળીની પર્વની શુભેચ્છા સાથે ધાણી-ખજુરનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ટી.પી.સ્કીમનં.૧૯ (રાયસણ) ખાતે ફાઈનલ પ્લોટનં. ૩૮૯ માં ટી.પી.સ્કીમનં. ૩,૫,૮,૧૯,૨૨ ના વિસ્તારોની ડ્રેનેજ નિકાલ માટે વર્ષ : ૨૦૪૧ ની ૩.૫૦ લાખની વસ્તીને ધ્યાને લઈ ૩૮ એમ.એલ.ડી. ક્ષમતાનું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવામાં આવેલ છે. જેમાં ૩૯૪૦૦ પરિવારોને સમાવેશ કરેલ છે. અને હાલમાં ટી.પી. વિસ્તારમાં રહેતા ૫૦૦૦ જેટલા પરિવારોને લાભ આપવામાં આવશે.